ઝાલોદ તાલુકામાં કલાકો સુધીની ભારે જહેમત બાદ પણ યુવકનો કોઈ પત્તો નથી

ઝાલોદમાં માછણનાળા ડેમમાં યુવક તણાયો NDRFની ટીમ અને સ્થાનિકોની શોધખોળ જારી

પરિવારજનો સહિત ગ્રામજનોમાં ચિંતાનો માહોલ છવાયો

(પ્રતિનિધિ) દાહોદ, તા.૨૪

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકામાં આવેલ માછણનાળા ડેમ ખાતે એક ૧૫ વર્ષીય યુવક અકસ્માતે ડુબી જતાં આ યુવક ચોવીસ કલાક વિતી ગયાં બાદ પણ ડેમમાં તેની કોઈ ભાળ ન મળતાં પરિવારજનો સહિત ગ્રામજનોમાં ચિંતાનો માહોલ છવાઈ ગયો છે. યુવકને શોધવા માટે એન.ડી. આર.એફ. ની ટીમ સહિત સ્થાનીક તરવૈયાઓ સતત પ્રયાસો કરી રહ્યાં છે. ગતરોજ સવારના ૧૧ વાગ્યાના આસપાસ ઝાલોદ તાલુકાના વગેલા ગામે રહેતાં ૧૫ વર્ષીય યશ નામક યુવક ઝાલોદ તાલુકામાં આવેલ માછણનાળા ડેમમાં ડુબી જતાં ઘટનાને પગલે ડેમ ખાતે પરિવારજનો તેમજ ગ્રામજનો ઉમટી પડ્યાં હતાં. પ્રથમ સ્થાનીક તરવૈયાઓ દ્વારા યુવકની ડેમમાં શોખખોળ હાથ ધરી હતી પરંતુ યુવકનો કોઈ પત્તો ન લાગતાં આ મામલે પરિવારજનોએ સ્થાનીક પોલીસને જાણ કરી હતી. સ્થાનીક પોલીસ મામલતદારની ટીમ સાથે ડેમ ખાતે પહોંચી હતી. ઘટનાને પગલે સ્થાનીક ફાયર ફાઈટરની ટીમ પણ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને કલાકો સુધીના ભારે જહેમત બાદ પણ યુવકનો કોઈ પત્તો ન લાગતાં આખરે પોલીસ તેમજ સ્થાનીક વહીવટી તંત્રને વડોદરાની એન.ડી.આર.એફ.ની ટીમને બોલાવવાની ફરજ પડી હતી ત્યારે એન.ડી.આર.એફ.ની ટીમ દ્વારા પણ ડેમમાં ભારે શોધખોળ હાથ ધરી તેમ છતાંય યુવકનો હાલ સુધી કોઈ પત્તો લાગ્યો નથી. ઘટનાને પગલે પરિવારજનોમાં ચિંતાના વાદળો છવાઈ ગયાં છે. હાલ એન.ડી. આર.એફ. વિગેરેની ટીમ દ્વારા સતત ડેમમાં યુવકની શોધખોળ હાથ ધરી રહી છે.

સંખેડા હાંડોદમાં સબ યાર્ડમાં ચોથા દિવસે ખેડૂતોને વટાવ મુદ્દે જીત

(પ્રતિનિધી) સંખેડા, તા.૨૪

સંખેડા તાલુકા મેવાસ વિસ્તારના ખેડૂતોનો વટાવ પ્રથા દૂર કરવા માટે જે ભૂખ હડતાલ પર ઉતર્યા હતા તેમને વેપારીઓ દ્વારા પારના કરાવી સુખત અંત લાવ્યા. સંખેડા તાલુકા મેવાસ વિસ્તારના ખેડૂતો દ્વારા છેલ્લા ત્રણ દિવસથી વટાવ પ્રથા દૂર કરવા માટે ભૂખ હડતાલ પર ઉતર્યા હતા તેમનો વેપારીઓ તેમજ જિલ્લા ખેતીવાડી અધિકારી દ્વારા પારણા કરાવી સુખદ અંત લાવ્યા હતા. જિલ્લા ખેતીવાડી અધિકારી દ્વારા જણાવવામાં આવ્યું હતું કે ખેડૂત કમિટીના પાંચ સભ્યો,સરકારી પ્રતિનિધિ તેમજ વેપારી પ્રતિનિધિ દ્વારા એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું અને ખેડૂતોના હિતમાં વટાવ પ્રથા સદંતર માટે બંધ કરવામાં આવી છે અને ખેડૂતોને પેમેન્ટ આરટીજીએસ તેમજ પચાસ હજાર સુધીનું રોકડ પેમેન્ટ કરવામાં આવશે.ખેડૂત હિત રક્ષક સમિતિ દ્વારા છેલ્લા 20 દિવસથી જે વટાવ પ્રથા દૂર કરવા માટે આંદોલન ચાલી રહ્યું હતું તેનો આજે સુખદ અંત આવ્યો હતો. જે આખા છોટાઉદેપુર જિલ્લામાં વટાવ પ્રથા સદંતર બંધ કરવામાં આવી છે.

સમગ્ર જિલ્લામાં રાષ્ટ્રીય પર્વને ઉજવવા નાગરિકોને ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે

છોટાઉદેપુરમાં પ્રજાસત્તાક દિનની ઉજવણીને લઈ સરકારી ઈમારતો પર રોશનીનો ઝગમગાટ

જિલ્લા કલેક્ટર દ્વારા જિલ્લાના બોડેલી ખાતે રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવશે

(પ્રતિનિધી) છોટાઉદેપુર, તા.૨૪

છોટાઉદેપુરમાં પ્રજાસત્તાક દિનની ઉજવણી અર્થે સરકારી ઈમારતો ઉપર રોશનીનો ઝગમગાટ જોવા મળ્યો.

છોટાઉદેપુર જિલ્લાના વડામથક છોટાઉદેપુર ખાતે આવનાર 26 મી જાન્યુઆરી પ્રજાસત્તાક દિનની ભવ્ય અને દબદબાભેર ઉજવણી અર્થે વહીવટી તંત્ર દ્વારા જિલ્લા સેવા સદન કચેરી તથા જિલ્લાની કચેરીઓને રોશનીથી સજાવી દેવામાં આવી છે. આ પ્રસંગે અંગ્રેજોના રાજમાંથી દેશને આઝાદી અપાવનાર અને દેશ માટે બલિદાન આપનાર વીર શહીદોને યાદ કરી શ્રદ્ધાંજલિ આપવામાં આવશે. અને ગર્વ સાથે રાષ્ટ્રધ્વજ ફરકાવી રાષ્ટ્રધ્વજ ને સલામી આપવામાં આવશે. જિલ્લા કલેક્ટર દ્વારા જિલ્લાના બોડેલી ખાતે રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવશે. જેના આગોતરા આયોજન અર્થે તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. નગરમાં આવેલી સરકારી ઈમારતો ઉપર રોશની કરી દેવામાં આવી છે. જે નજારો ભવ્ય લાગી રહ્યો છે.

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી ખાતે યોજાનારા જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણી દરમિયાન રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન પણ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા કરવામાં આવ્યું છે. આ ઉપરાંત જિલ્લામાં સર્વશ્રેષ્ઠ કામગીરી કરનાર કર્મયોગીઓ તેમજ સિદ્ધિવંતોને પ્રમાણપત્રો આપીને નવાજવામાં આવશે. સાથે સાથે છોટાઉદેપુર જિલ્લાના 6 તાલુકાઓમાં પણ સરકારી ઈમારતો ને રોશનીથી સજાવી દેવામાં આવી છે. અને સાથે સાથે ઠેર ઠેર જગ્યાએ શાળાઓમાં સાંસ્કૃતિક કાર્યક્રમો, દેશ ભક્તિના ગીતો, વગેરે નું આયોજન કરવામાં આવશે સમગ્ર જિલ્લામાં રાષ્ટ્રીય પર્વને ઉજવવા નાગરિકોને ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

શિનોર, સાધલી, સેગવા મુકામે

ખાણીપીણીની લારીઓ વાળા પાસેથી નકલી ફૂડ ઈન્સ્પેક્ટર બનીને રોકડી કરી ગયા

નકલી પોલીસ બાદ હવે નકલી આરોગ્ય શાખાના ઇન્સ્પેક્ટરો બનીને વેપારીને લૂંટી રહ્યા છે

ગઠિયાઓ જતા જતા ફૂડ લાઇસન્સ લઈ જવા માટે તાકીદ કરી ગયા હતા

(પ્રતિનિધી) શિનોર, તા.૨૪

શિનોર તાલુકાના તાલુકા મથક શિનોર, સાધલી તથા સેગવા મુકામે ઘણી ખાણીપીણની લારીઓ વાળા તથા હોટલો વાળા લાયસન્સ ધરાવતાના હોવા છતાં અખાદ્ય નાસ્તા પાણીની રેકડીઓ ચલાવી રહ્યા છે.

તેનો લાભ લઈ આજે બે ગઠીયાઓ ફૂડ ઈન્સ્પેક્ટરનો રોફ જમાવીને રોકડી કરીને નવ દો ગ્યારા થઈ ગયા છે. શિનોર તાલુકામાં નકલી પોલીસો દ્વારા તોડપાણીના કિસ્સા બન્યા, પછી વોશિંગ પાવડર વેચનારા ઘરોમાં ઘૂસીને સોનાના દાગીનાની ઉઠાંતરીના કિસ્સા,પછી હાલમાં ખાણી પીણીની લારીઓ તથા બિનકાયદેસર હોટલોમાં ફુડના લાઈસન્સ વગર ધંધો કરનારા શિનોર, સાધલી તથા સેગવામાં બિલાડીના ટોપની જેમ નીકળી ગયા છે. દિવાળીના તહેવારોમાં ફૂડ ઈન્સ્પેક્ટરો આવા ગામોમાં આવીને દિવાળીની બોની લઈ જતા હોય છે. જેના કારણે આવા ખાણીપીણી વાળા બેફામ બનીને અખાદ્ય ચીજ વસ્તુઓને ભેગી કરીને લોકોના આરોગ્ય સાથે ખીલવાડ કરી રહ્યા છે. શિનોર તાલુકાના સેગવા અને સાધલી મુકામે સાંજના સમયે ખાણીપીણીની લારીવાળા પાસે બે અજાણ્યા ગઠિયાઓએ આવીને ફૂડ ઈન્સ્પેક્ટરનો રોફ જમાવી રોકડી કરી ગયા હતા. અને જતા જતા ફૂડ લાઈસન્સ લઈ જવા માટે તાકીદ કરી ગયા હતા જેથી કોઈને શંકા કુશંકા વ્યાપે નહીં. આવા લારીવાળાનો સંપર્ક સાધતા પોતે લૂંટાયા હોવાની વાત કહેવા તૈયાર નથી પરંતુ પોતાની પાસે ફુડનું લાઈસન્સ નથી એ વાત સ્વીકારે છે. સાધલી મુકામે ખરી વિસ્તારમાં સાંજના ચાર વાગ્યા પછી આવી લારીઓ ઊભી થઈ જાય છે તથા ખાણીપીણીના રસિયાઓ ખાવા પીવા માટે ઉમટી પડે છે. વડોદરા જિલ્લાના ફુડ ઈન્સ્પેક્ટરો આવી ખાણીપીણીની લારીઓ ઉપર જિલ્લામાં તવાઈ લાવીને લોકોના આરોગ્ય સાથે ખીલવાડ કરનારા સામે પગલાં ભરે એ જન હિત માટે અતિ જરૂરી બનેલ છે, અને તેઓને મળતો સરકારી પગાર સાચી ફરજ બજાવી સાર્થક બન્યો ગણાશે. દિવાળીની બોણી એ અલગ ચીજ વસ્તુ છે જ્યારે બારેમાસ વેચાતો આવો અખાદ્ય ખોરાક એ લોકોના આરોગ્ય માટે જોખમ કારક હોય પોતાની ફરજ બજાવે એ આ સમયની માંગ છે. ગઠિયાઓ જે લારીઓ વાળાના પૈસા લઈ ગયા છે તે લારીઓ વાળા કોઠીમાં માંઢુ ઘાલીને રડી રહ્યા છે.

બોડેલીના ખોડિયા પાણેજ બ્રિજ પાસે વાહને વૃદ્ધ મહિલાને અડફેટે લેતા મોત

(પ્રતિનિધી) બોડેલી, તા.૨૪

બોડેલી તાલુકાના ખોડિયા પાણેજ બ્રિજ પાસે અજાણ્યા વાહને વૃદ્ધ મહિલાને અડફેટે લેતા વૃદ્ધ મહિલાનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે જ્યારે બનાવને લઈ બોડેલી પોલીસ મથકે ગુનો નોંધાયો છે.

સણીયાનદ્રી ગામે રહેતી મધુબેન શનાભાઈ તડવી ઉ. વ 50 બોડેલી તાલુકાના ખોડિયા - પાણેજ ગામ પાસે ગત તા 19-1-23 ના રોજ ચાલતા પસાર થઈ રહ્યા હતા તે દરમિયાન અજાણ્યા વાહને મધુબેનને અડફેટે લેતા મધુબેન રોડ પર પટકાતા માથા સહિત શરીરના અન્ય ભાગે ગંભીર ઈજા થઈ હતી જયારે બનાવની જાણ આસપાસના લોકોને થતા સ્થળ પર ઉમટી પડ્યા હતા અને સરકારી એમ્બયુલ્સને જાણ કરતા મધુબેનને તાત્કાલિક એમ્બયુલન્સ મારફતે બોડેલીની સરકારી દવાખાને ખાસેડવામાં આવ્યા હતા જ્યાં સારવાર દરમિયાન ગત તા 22/1/23 ના રોજ રાત્રી સમયે મોત નીપજ્યું હતું બોડેલી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા વાહન ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ટાંકીને તોડી પાડવાની કાર્યવાહી નહીં કરાતા મુખ્યમંત્રી ઓફિસના વોટ્સએપ પર ફોટા સહિતની રજૂઆત

શિનોર તાલુકાના મોટા ફોફળિયા ગામે વારી ગૃહની 60 વર્ષ જૂની પાણીની ટાંકી જર્જરીત

પાણીની ટાંકીના દરેક કોલમ અને બીમ પરથી પ્લાસ્ટર ઉખડી જઈ તેના સળિયા દેખાય છે

અધિકારીઓ ત્વરિત પગલાં ભરી જોખમી પાણી ની ટાંકી ને દૂર કરે તેવી ગ્રામજનોની પણ ઉગ્ર માંગ

(પ્રતિનિધી) શિનોર, તા.૨૪

શિનોર તાલુકાના મોટા ફોફળિયા ગામે વારી ગૃહની 60 વર્ષ કરતા વધુ જૂની ઊંચી પાણીની ટાંકી જર્જરીત હાલતમાં થયેલ છે તેને તોડી પાડવાની કાર્યવાહી નહીં કરાતા મુખ્યમંત્રી ઓફિસ દ્વારા જાહેર કરેલ વોટ્સએપ મોબાઈલ નંબર ઉપર ફોટા સહિતની રજૂઆત કરી અને અધિકારીઓને પણ આ અંગે રજૂઆત કરેલ છે.

જર્જરીત તને બિસ્માર બનેલી બિન ઉપયોગી પાણીની ટાંકી તોડવા માટે કોઈ હોનારતની રાહ જોવાઈ રહી છે. રાજ્ય સરકાર દ્વારા પંચાયતી રાજમાં ગ્રામસભાને સર્વોપરી માની તેમાં રજૂ થયેલા પ્રશ્નો ને પ્રાથમિકતા આપવાની હોય છે.

શિનોર તાલુકાના મોટા ફોફળિયા ગામની વારી ગૃહની 60 વર્ષ ઉંચી પાણીની ટાંકીનો મુદ્દો યોજાતી ગ્રામ સભામાં વારંવાર લેવા છતાય તેને તોડી પાડવાની કોઈ કાર્યવાહી નિયમિત તલાટી ન હોવાને કારણે થતી નથી હાલ આ પાણીની ટાંકીના દરેક કોલમ અને બીમ પરથી પ્લાસ્ટર ઉખડી જઈ તેના સળિયા દેખાય છે ગમે ત્યારે આ પાણીની ટાંકી તૂટી શકે તેમ છે અને નજીકમાં આંગણવાડી કેન્દ્ર છે બાજુમાં રહેઠાણ છે સામે હાઈસ્કૂલ છે અને પાણીની ટાંકી પાસેથી અવર જવર માટે રસ્તો છે માનવ અને પશુઓની આવન જાવન રહેતી હોય મોટી હોનારત સર્જાય એવી શક્યતા ને લઈને મોટા ફોફળિયાના જાગૃત નાગરિકે તેના ફોટા સહિતની મુખ્યમંત્રી કાર્યાલય દ્વારા જાહેર કરેલ કમ્પ્લેન વોટ્સએપ મોબાઈલ નંબર ઉપર રજૂઆત કરેલ છે અને સાથે સાથે તાલુકા જિલ્લાના ઉચ્ચ અધિકારીઓને પણ તલાટી નવા ચૂંટાયેલા સરપંચોને કોઈક માર્ગદર્શન આપતા ન હોય તેમજ તલાટીઓ નિયમિત રીતે હાજર ન હોય ગ્રામ પંચાયતના સત્તાધીશો પણ આ અંગે કઈ કરી શકતા નહી હોવાની રજૂઆતો કરેલ છે. છેલ્લા 26 વર્ષ કરતાં વધુ સમયથી બિન ઉપયોગી મોટા ફોફળિયા ની આ ઉંચી પાણીની ટાંકી તોડવાની કોઈ કાર્યવાહી ન થતા જાણે કોઈ હોનારત સર્જાય તેની રાહ જોતા હોય તેમ બહેરા,મૂંગાબની કુંભકર્ણ ની નિદ્રામાં હોય તેમ અધિકારીઓ આ બાબતે કોઈ પગલાં ના ભરતા હોવાનું બહાર આવેલ છે.અધિકારીઓ આ બાબતે ત્વરિત પગલાં ભરી જોખમી પાણી ની ટાંકી ને દૂર કરે તેવી ગ્રામજનો ની પણ ઉગ્ર માંગ છે.

બેટી બચાવો ,બેટી પઢાવો તેમજ પૂર્ણા યોજના હેઠળ

ગોધરામાં રાષ્ટ્રીય બાલિકા દિવસ-સશક્ત અને સુપોષિત કિશોરી મેળો યોજાયો

(પ્રતિનિધી) ગોધરા, તા.૨૪

ગોધરા ખાતે રાષ્ટ્રીય બાલિકા દિવસ તથા સશક્ત અને સુપોષિત કિશોરી મેળાનું કરાયું આયોજન બેટી બચાવો,બેટી પઢાવો તેમજ પૂર્ણા યોજના હેઠળ કરાયુ હતુ. જ્યારે વ્હાલી દીકરી યોજના અંતર્ગત લાભાર્થીઓને મંજૂરી હુકમ હતા.

પંચમહાલ જિલ્લામાં મહિલા અને બાળ વિકાસ વિભાગ તથા આઈ.સી.ડી.એસ શાખાના સંયુક્ત ઉપક્રમે બેટી બચાવો,બેટી પઢાવો તેમજ પૂર્ણા યોજના હેઠળ સ્વામિનારાયણ મંદિર હોલ, ગોધરા ખાતે રાષ્ટ્રીય બાલિકા દિવસ તથા સશક્ત અને સુપોષિત કિશોરી મેળાનું આયોજન કરાયું હતું.આ પ્રસંગે ઉપસ્થિત કિશોરીઓને અધિકારીઓ, પદાધિકારીઓ દ્વારા વિવિધ મહિલાલક્ષી યોજનાઓ વિશે માહિતી તથા માર્ગદર્શન આપવામાં આવ્યું હતુ. સાથે વ્હાલી દીકરી યોજના અંતર્ગત વિવિધ લાભાર્થીઓને મંજૂરી હુકમ અપાયા હતા. પૂર્ણા કિશોરીઓને પૂર્ણા શિલ્ડ, પૂર્ણા કપ તથા આઈ.ટી.આઈ અને શાળા પ્રવેશ કરેલ કિશોરીઓને પ્રમાણપત્ર આપીને સન્માન કરવામાં આવ્યું હતું. આ સાથે પ્રતિજ્ઞા, સિગ્નેચર પોઈન્ટ તથા સેલ્ફી પોઈન્ટનું પણ આયોજન કરાયું હતું. આ પ્રસંગે તાલુકા પંચાયત પ્રમુખ સંગીતાબેન બારીઆ,

જિલ્લા પંચાયત દંડક અરવિંદસિંહ પરમાર,સામાજિક ન્યાય સમિતિ ચેરમેન મણીબેન, જિલ્લા અને તાલુકા પંચાયતના સભ્યઓ,મહિલા અને બાળ વિકાસ અધિકારી માધવીબેન,પ્રોગ્રામ ઓફિસર રમીલાબેન, દહેજ પ્રતિબંધક સહરક્ષણ અધિકારી કિરણબેન તરાલ સહિત વિવિધ વિભાગોના અધિકારી ઓ સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

મોટીનાદુકણમાં ચપ્પુના ઘા મારી મોતને ઘાટ ઉતારનાર બે ઝડપાયા

(પ્રતિનિધી) ફતેપુરા, તા.૨૪

ફતેપુરાના મોટીનાદુકણ ગામે ચપ્પુના ઘા મારી મોત નીપજાવી ભાગી જનાર બે આરોપીઓને ફતેપુરા પોલીસ દ્વારા ગણતરીના દિવસોમાં ઝડપી પાડ્યા. તા-16 સોમવારના રોજ મોટીના દુકાન ગામે માનસિંગ ખેમા ડામોરને ત્યાં વાંસતા પૂજનના પ્રોગ્રામમાં રઘુનાથ તેરસિંગ ડીંડોર વાસ્તુપૂજનમાં આવેલ હતો તેમાં મોટી નાદુકણના મહેશ ભાથી ડીંડોર અને મહેન્દ્ર ભાથી ડીડોર આ બંને જણાએ રઘુનાથ તેરસિંગ ઉપર જીવલેણ હુમલો કરેલ અને ચપ્પુના ઘા ગળામાં અને શરીરે ઉપરા ઉપરી કરતા રઘુનાથ તેરસિંગનું સ્થળ ઉપર જ મોત નિપજ્યું હતું અને આ બંને આરોપીઓ ભાગી છૂટ્યા હતા. ફતેપુરા પી.એસ.આઈ જી.કે .ભરવાડ તથા સ્ટાફ દ્વારા ગુનો નોંધી આરોપીઓને પકડવા માટે અલગ અલગ ટીમો બનાવી સતત તપાસ હાથ ધરી ખાનગી તેમજ અંગત બાદમીદારોની રાહે અને ટેકનિકલ સોર્સના આધારે ગણતરીના દિવસોમાં આરોપીઓ સુધી પહોંચી આરોપીઓની ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે આરોપીઓને ત્રણ દિવસની કસ્ટડી રિમાન્ડ હેઠળ રાખવામાં આવેલ છે.

ખેડૂતોને બાગાયતી ખેતીમાં પ્રાકૃતિક ખેતી તેમજ બાગાયતી ખેતીમાં માટે માર્ગદર્શન અપાયું

ગોધરાના મોટીકાંટડીમાં પ્રાકૃતિક ખેતી અંગે એક દિવસીય ખેડૂત તાલીમ યોજાઈ

(પ્રતિનિધી) ગોધરા, તા.૨૪

મોરવા હડફ તાલુકાના વંદેલી અને ગોધરા તાલુકાના મોટીકાંટડી ખાતે પ્રાકૃતિક ખેતી અંગે એક દિવસીય ખેડુત તાલીમ યોજાઈ હતી. અહીં ઉપસ્થિત ખેડૂતોને બાગાયતી ખેતીમાં પ્રાકૃતિક ખેતી તેમજ બાગાયત વિભાગ હસ્તક ચાલતી વિવિધ સહાયલક્ષી યોજનાઓ તેમજ સ્થાનિક પાકો વિશે માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. મોરવા(હ) તાલુકાના વંદેલી ખાતે તેમજ ગોધરા તાલુકાના મોટીકાંટડી ખાતે "બાગાયતી પાકોમાં પ્રાકૃતિક કૃષિ પરીસંવાદ" અંતર્ગત એક દિવસીય ખેડુત તાલીમ શિબીર યોજાઈ હતી. આ કાર્યક્રમ જિલ્લાના બાગાયત વિભાગ, જિલ્લા ખેતીવાડી વિભાગ,આત્મા કચેરીના સંયુક્ત ઉપક્રમે યોજાયો હતો. આ પ્રસંગે વિષય નિષ્ણાંત તરીકે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર વેજલપુર ખાતેથી ડૉ. રાજકુમાર

તથા ડૉ. જયપાલસિંહ જાદવે કૃષીમાં વૈજ્ઞાનિક બાબતોની માહિતી ખેડૂતોને પૂરી પાડી હતી. આ સાથે વિવિધ અધિકારી કર્મચારીઓએ બાગાયતી ખેતીમાં પ્રાકૃતિક ખેતી તેમજ બાગાયત વિભાગ હસ્તક ચાલતી વિવિધ સહાયલક્ષી યોજનાઓ તેમજ સ્થાનિક પાકો વિશે માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. આ પ્રસંગે બહોળી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

ડભોઈમાં બેટી બચાવ દિવસની ઉજવણી કરવામાં આવી

ડભોઇમાં આર.જી. પંડયા હાઈસ્કૂલમાં જિલ્લા આરોગ્ય અધિકારીના નેજા હેઠળ ડભોઈમાં બેટી બચાવો બેટી પઢાવો અને ભૃણ હત્યા રોકવા અને જાગૃતિ લાવવા રમુજી રંગલો રંગલીના નાટયસ્વરુપે રજુ કરી બેટી બચાવો, બેટી પઢાવો અને ભૃણ હત્યા રોકવા જીસ ઘર મેં બેટી ઉસ ઘર મેં જન્નતનો સંદેશો આપવામાં આવ્યો હતો આ કાર્યક્રમમાં શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકો, જિલ્લા આરોગ્ય અધિકારી ડો.ભાવનાબેન ધોળકિયા, તાલુકા હેલ્થ ઓફિસર ડો.ગુડીયા રાની, સી.એમ.ટી.સીના પૂનમબેન વોરા શાળાના આચાર્ય આશા વર્કરબેન અને આરોગ્યના કર્મચારીઓ સહિત મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા અને કાર્યક્રમને સફળ બનાવેલ.

(તસવીર-દિપક જોષી)

દાહોદમાં વૃધ્ધાની બે ઈસમોએ સોનાની બંગડીઓ લઇ ફરાર

'બંગડીઓ કાઢી પર્સમાં મુકી દો, નહીંતર પોલીસ દંડ ફટકારશે' તેમ કહી લૂંટ

(પ્રતિનિધી) દાહોદ, તા.૨૪

દાહોદ શહેરમાં એક ૮૦ વર્ષીય વૃધ્ધાને બે અજાણ્યા ઈસમોએ વૃધ્ધાએ હાથમાં પહેરેલ સોનાની બંગડીઓ પટાવી, ફોસલાવી પડાવી લઈ ફરાર થઈ જતાં પંથકમાં ચકચાર મચી જવા પામી હતી. ગોદી રોડ ખાતે રહેતાં એક ૮૦ વર્ષીય વૃધ્ધા પોતાના વિસ્તારમાંથી ચાલતાં પસાર થઈ રહ્યાં હતાં તે સમયે વૃધ્ધા પાસે બે અજાણ્યા ઈસમો આવી વૃધ્ધાને કહેવા લાગેલ કે, હાલ એક બનાવ બન્યો છે અને આગળ પોલીસ તપાસ કરી રહી છે માટે તમે જે સોનાની બંગડીઓ પહેરી છે તે કાઢી લઈ પોતાના પર્સમાં મુકી દો, નહીંતર પોલીસ દંડ ફટકારશે, તેમ કહી વૃધ્ધા હાથમાં પહેરી રાખેલ સોનાની બંગડીઓ કઢાવી એક કાગળમાં લપેટી લઈ બે અજાણ્યા ઈસમોએ વૃધ્ધાની નજર ચુકવી કાગળમાં લોખંડની બંગડીઓ પર્સમાં મુકી દઈ સોનાની બંગડીઓ લઈ અજાણ્યા ઈસમો ફરાર થઈ ગયાં હતાં. વૃધ્ધા જ્યારે ઘરે જઈ પર્સમાં કાગળમાં રહેલ બંગડીઓ જોતા લોખંડની હોવાનું જણાઈ આવતાં પરિવારજનોને જાણ કરી હતી વૃધ્ધાના પરિવારજનો દાહોદ પોલીસ મથકે જઈ આ મામલે ફરિયાદ નોંધાંવતાં પોલીસે અજાણ્યા બે ઈસમોની તપાસનો ધમધમાટ આરંભ કર્યા છે.

ગ્રામ પંચાયતના વહીવટી હોદ્દેદારો પોતાની મનમાની કરીને ડામર રોડ બનાવે છે

વજેપુરથી જાંબલી ગામના રોડનું સર્વે મુજબ કામ કરવા જિલ્લા કલેકટર-ડીડીઓને રજુઆત

(પ્રતિનિધી) છોટાઉદેપુર, તા.૨૪

છોટાઉદેપુર જિલ્લાના વજેપુરથી જાંબલી ગામને જોડતો રોડનું કામ ખોટી જગ્યાએ ચાલુ કરેલ છે. જે સર્વે મુજબ કરવા ગ્રામજનો દ્વારા જિલ્લા વિકાસ અધિકારી અને જિલ્લા કલેકટરને લેખિતમાં રજુઆત કરવામાં આવી છે. કવાંટ તાલુકા ખાતે પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ વજેપુર અને જાંબલી ગામને જોડતો રોડ કામ ચાલુ કરેલ છે. આર સી સી રોડ 22 લાખના ખર્ચે પટેલ ફળિયાથી ગમોણ ફળિયાને જોડતો રોડ બનાવેલ છે. રોડ ઉપર

ડામર રોડ બનાવવાનું કામ ચાલુ છે. આરસીસી રોડ પેહલથીજ બનાવેલ હતો. વહીવટી હોદ્દેદારો પોતાની મનમાની કરીને ડામર રોડ બનાબે છે. તાલુકા વિકાસ અધિકારી, તલાટી તેમજ મહિલા સરપંચના પુત્રને ટેલિફોનિક અને મૌખિક રજુઆત કરવા છતાં અમારી કોઈ રજુઆત ગ્રાહ્ય રાખ્યા વગર પોતાની મનમાની મુજબ કામ ચાલુ રાખેલ છે. જે સરકારી યોજનાનો દૂર ઉપયોગ કરતા સ્પષ્ટ દેખાય છે. આ અમારી રજુઆત બાબતે ગંભીર નોંધ લેવામાં આવે અને ગ્રામજનોની માગ મુજબ સંતોષકારક નિર્ણય 7 દિવસમાં લેવામાં આવે જો અમારી માંગ સ્વીકારવામાં નહિ આવે તો અમો ગ્રામજનો આંદોલન કરીશું અને તાત્કાલિક કામ અટકાવીશું તેમ આપેલ લેખિત રજુઆત પત્રમાં જણાવ્યું છે.